સાબરડેરીની ચૂંટણીમાં ૧૨ બેઠકો બિનહરીફ : ૪ બેઠકો માટે ચૂંટણી

ચારેય બેઠકો માટે દસ ઉમેદવારો ચૂંટણી જંગમાં : ઉમેદવારીપત્રો પરત ખેંચાયા બાદ આખરી ચિત્ર સ્પષ્ટ થયુ

હિંમતનગર, તા. ૧૨

સાબરડેરીના નિયામક મંડળની ચૂંટણી આગામી તા. ૨૨ ડિસેમ્બરના રોજ યોજાનાર છે, ત્યારે મંગળવારે ઉમેદવારીપત્રો પરત ખેંચાયા બાદ ૧૬ પૈકી ૧૨ બેઠકો બિનહરીફ થઈ છે. જેથી હવે પછી નિયામક મંડળની ચાર બેઠકો માટે દસ ઉમેદવારો વચ્ચે જંગ જામશે. જેમાં અરવલ્લીની એક તથા સાબરકાંઠાની ત્રણ બેઠકોનો સમાવેશ થાય છે. દરમ્યાન મંગળવારે ઉમેદવારીપત્રો પરત ખેંચવાનો છેલ્લો દિવસ હોવાને કારણે કલેક્ટર કચેરીમાં તથા એક ગુપ્ત સ્થળે સહકારી અગ્રણીઓના ટોળાં જોવા મળ્યા હતા.

આ અંગેની વિગત એવી છે કે સાબરડેરીના નિયામક મંડળની ૧૬ બેઠકોની ચૂંટણી માટે હિંમતનગર પ્રાંત કચેરી દ્વારા તાજેતરમાં જાહેરનામુ બહાર પાડવામાં આવ્યું હતું. જેમાં સાબરડેરીના પેટા નિયમ મુજબ ભરાયેલા ૧૧૭ ઉમેદવારીપત્રો ભરાયા હતા જેમાંથી ૭૯ ઉમેદવારીપત્રો માન્ય ઠર્યા હતા. જેના લીધે લોકો તથા પશુપાલકો એવુ માની રહ્યા હતા કે આ વખતે સાબરડેરીની ચૂંટણી રસાકસી વાળી બની રહેશે.

પરંતુ સાબરકાંઠા અને અરવલ્લીના સહકારી અગ્રણીઓએ સાબરડેરીની ચૂંટણી બિનહરીફ થાય તે માટે સમજાવટના જોરદાર પ્રયાસો શરૂ કરાયા હતા. જેના પરીણામ સ્વરૂપે મંગળવારે ઉમેદવારીપત્રો પરત ખેંચવાના છેલ્લા દિવસે નિયામક મંડળની ૧૬ પૈકી ૧૨ બેઠકો બિનહરીફ કરવામાં સહકારી અગ્રણીઓને સફળતા મળી છે. જોકે તે પાછળ આ સહકારી અગ્રણીઓએ સમજાવટ દરમ્યાન તમામ નીતિઓ અખત્યાર કરીને તેમના પ્રતિ સ્પર્ધીઓને ચૂંટણીના મેદાનમાંથી ખદેડી મુક્યા છે.

આગામી દિવસોમાં યોજાનાર આ સાબરડેરીની ચૂંટણીમાં સાબરકાંઠાની ૩ અને અરવલ્લીની એક બેઠક પર ચૂંટણી યોજાનાર છે ત્યારે તેમાં હવે પછી રસાકસીનો જંગ જામશે. ઉલ્લેખનીય છે કે જે ચાર બેઠકો પર ચૂંટણી યોજાનાર છે ત્યારે તેમાં સાબરકાંઠા જિલ્લા એસોસિએશન પ્રેરિત પરીવર્તન દૂધ ઉત્પાદક સહકારી મંડળી પેનલના ઉમેદવારો ચૂંટણી લડશે.

પૂર્વ ચેરમેન અને સહકારી અગ્રણી બિનહરીફ

સાબરડેરીની ચૂંટણીમાં બાયડ-૧ અને બાયડ-૨ બેઠક બિનહરીફ થઈ છે ત્યારે તેમાં સાબરડેરીના પૂર્વ ચેરમેન શામળભાઈ બાલાભાઈ પટેલ તથા સહકારી અગ્રણી કનુભાઈ મણીભાઈ પટેલ બિનહરીફ જાહેર થયા છે.

કયા પાંચ ઉમેદવારીપત્રો પરત ખેંચાયા

ડેરીની ચૂંટણીમાં બાયડ-૧ વિભાગથી ૨, બાયડ-૨ બેઠકમાંથી ૨ તથા ઈડર-૧ વિભાગમાંથી ૧ એમ પાંચ ઉમેદવારીપત્રો સોમવારે પરત ખેંચાયા છે.

સાબર ડેરીની ચૂંટણીમાં બે ફોર્મ પરત ખેંચાતા ખેડબ્રહ્મા બેઠક બિનહરીફ

સબરડેરીની ચૂંટણી જાહેર થતા જ ઉમેદવારોએ ડિરેક્ટરની ચૂંટણી માટે ખેડબ્રહ્મ બેઠક માટે ૩ ફોમ ભરાયા હતા. જેમાં ઇડરના મનોજભાઈ, અને ખેડબ્રહ્માના બ્રિજેશભાઈ થતા વાસણા ના રામભાઈ એ ફોમ ભર્યા હતા. મંગળવારના રોજ ફોમ પરત ખેંચવાનો અંતિમ દિવસ હોઈ મનોજભાઈ અને સબરડેરીના ડિરેકટર રામભાઈ જીવાભાઈ પટેલે ફોમ પરત ખેંચી લીધા હતા જેથી ખેડબ્રહ્મા સીટ માટે ખેડબ્રહ્મા દૂધ ઉત્પાદક સકારી મંડળીના ચેરમેન બ્રિજેશભાઈ દેવાભાઈ પટેલ નું ફોમ બચતા બિન હરીફ વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા બ્રિજેશભાઈ બિન હરીફ થયા હતા.

અરવલ્લીમાં એએચપીએ કલેક્ટરને આવેદનપત્ર

અરવલ્લી જીલ્લા એ.એચ.પી દ્વારા ડૉ.વણીકર ભવનમાં કેટલાક ઈસમોએ ગેરકાયદેસર પ્રવેશ મુદ્દે જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. એ.એચ.પી.ના કિરીટભાઈ શાહ અને કનુભાઈ પટેલે આવેદનપત્ર આપી જણાવ્યું હતું કે અમદાવાદના પાલડી વિસ્તારમાં આવેલા મહાલક્ષ્મી સોસાયટીમાં આવેલ ડૉ. વણીકર સ્મારક ભવનમાં પાલડીના કેટલાક ઈસમો દ્વારા ગેરકાયદેસર પ્રવેશ કરી કબ્જો લેવાનો પ્રયત્ન કરી માલ મિલ્કતને નુકશાન કરતા લૂંટ કરનાર ઈસમો સામે શખ્ત કાર્યવાહીની માંગ કરી હતી.

ખેડબ્રહ્મા બાર એસોસિએશન દ્વારા આવેદનપત્ર

ખેડબ્રહ્મા બાર એસોસિયેશન દ્વારા સોમવારના રોજ પ્રાંત અધિકારીને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા દ્વારા વડાપ્રધાનને બજેટમાં વકીલોના હિતમાં તેમજ પ્રાથમિક સુવિધાઓ માટે સરકાર દ્વારા વાર્ષિક બજેટમાં રૂ. ૫ હજાર કરોડની ફાળવણી કરવા માટે માંગણી કરવામાં આવી હતી. તે અનુસંધાને ખેડબ્રહ્મા બાર એસોશિયેશન દ્વારા શાંતિપૂર્ણ રીતે વિરોધ કુચ કરી પ્રાંત અધિકારીને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ પ્રસગે બાર એસોસિયેશનના પ્રમુખ વિરલ વોરા, ઉપપ્રમુખ જગદીશભાઈ સુથાર, મંત્રી સતપાલસિંહ વાઘેલા, કમલભાઈ પંડ્યા સહિત વકીલો જોડાયા હતા.

મહીસાગરના સંત પાર્કમાં ફોરેસ્ટ વિભાગે ગોઠવેલ નાઈટ વિઝન કેમેરામાં "વાઘ" કેદ

મહીસાગર જીલ્લાના લુણાવાડા ગઢ ગામની સીમમાંથી પસાર થતા પ્રાથમિક શિક્ષકને વાઘ દેખાતા તેનો વિડીયો વાઈરલ કરતા મહીસાગર જીલ્લામાં વાઘ હોવાની જીલ્લાના પ્રજાજનોમાં ચર્ચાતી મહીસાગર જીલ્લામાં વાઘ ફરતો હોવાની ચર્ચાને પુષ્ટિ મળતા મહીસાગર જીલ્લાના વનવિભાગતંત્ર હરકતમાં આવ્યું હતું અને વાઘ જોવા મળ્યો હતો. તે વિસ્તારમાં વાઘના પંજાના નિશાન અને વાયરલ તસ્વીરના આધારે સમગ્ર જિલ્લા અને ત્રણ તાલુકાના અંદાજીત ૪૫ ગામમાં ૪૦૦થી વધુ કર્મચારીઓની અલગ અલગ ટીમ્સ બનાવી સર્ચ ઓપરેશન હાથ ધરાયું હતું. વનવિભાગે તેની પુષ્ટિ માટે, સંભવિત સ્થાનો, જંગલ વિસ્તાર અને પાણી પીવાના સ્થાનો પર ગુપ્ત રીતે ફોરેસ્ટના કર્મચારી તૈનાત કરી નાઈટ વિઝન કેમેરા લગાવી દીધા હતા. મહીસાગર જીલ્લામાં વાઘ હોવાની ચર્ચાથી જીવદયાપ્રેમીઓ પણ રોમાંચિત બન્યા હતા. પ્રજાજનોમાં પણ ભારે કુતુહલ સર્જાયું હતું. વનવિભાગ તંત્ર દ્વારા લગાવામાં આવેલા નાઈટવિઝન કેમેરામાં વાઘના દ્રશ્યો કેદ થતા મહીસાગર વનવિભાગ તંત્ર દ્વારા મહીસાગર જીલ્લામાં વાઘ હોવાની પુષ્ટિ કરી હતી.

મહીસાગર જીલ્લાના ડી.સી.એફ આર.એમ. પરમાર સાથે વાઘ જંગલમાં લગાવેલ નાઈટવિઝન કેમેરામાં કેદ થયો હોવા અંગે ટેલિફોનિક પૂછતાછ કરતા વનવિભાગ અધિકારીએ જણાવ્યું હતું કે મહીસાગર જીલ્લાના લુણાવાડાથી સંતરામપુર સુધીના વિસ્તારમાં ગાઢ જંગલ આવેલું છે. સંતરામપુર નજીક આવેલા "સંત જંગલ પાર્ક" તરીકે ઓળખાતા જંગલ વિસ્તારમાં પાણીના સ્ત્રોત છે ત્યાં વાઘના પગલાં મળતા તેવી અલગ-અલગ જગ્યાએ વિશેષ નાઈટ વિઝન કેમેરા લગાવવામાં આવ્યા હતા અને વનવિભાગ તંત્ર ના કર્મચારીઓ દ્વારા સર્ચ ઓપરેશન પણ હાથ ધરાયું હતું ત્યારે સોમવારે રાત્રીના સુમારે વાઘ સંત જંગલ પાર્ક વિસ્તારમાં પાણી પીવા આવતા કેમેરામાં એક વાઘ કેદ થયો હોવાનું જણાવ્યું હતું.

આ કેમેરામાં વાઘ સહીત દીપડા અને અનેક જંગલી પ્રાણીઓ પણ કેદ થયા હોવાનું જણાવ્યું હતું અને મહીસાગર જીલ્લામાં વાઘ હોવાની પુષ્ટિ કરી હતી આમ ગુજરાતમાં ૩૩ વર્ષ બાદ વાઘ દેખાવાની શરૂઆત થઈ છે. નેશનલ ટાઈગર કન્ઝર્વેશન ઓથોરિટી(એનટીસીએ)મુજબ, ગુજરાતમાં છેલ્લે ૧૯૮૫માં વ્યારા તાલુકાના ભેસખતરી વિસ્તારમાં વાઘ જોવા મળ્યો હતો. આ વાઘનું રોડ અકસ્માતમાં મોત થયું હતું. જયારે ૧૯૯૨માં થયેલી વાઘની વસતી ગણતરી મુજબ વાઘની સંખ્યા શૂન્ય થઈ ગઈ હતી.

ડુઘરવાડામાં જયસ્વાલ સમાજનો સમૂહ લગ્નોત્સવ યોજાયો

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા જયસ્વાલ સમાજ સેવા મંડળ દ્વારા દ્વિતિય સમૂહ લગ્નોત્સવ યોજવામાં આવ્યો હતો. મોડાસા તાલુકાના ડુઘરવાડા ખાતે યોજાયેલ આ સમૂહ લગ્નોત્સવમાં ૨૬ નવ દંપતિઓએ પ્રભુતામાં પગલાં પાડ્યાં હતા. આ પ્રસંગે અધ્યક્ષ તરીકે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લા જયસ્વાલ સેવા મંડળના પ્રમુખ આશિષકુમાર ડી. જયસ્વાલ તથા ઉદ્ઘાટક તરીકે સમૂહ લગ્નોત્સવના યજમાન અરવિંદભાઈ બી. જયસ્વાલ અને રાજેન્દ્રકુમાર બી. જયસ્વાલ, મંજુલાબેન દશરથભાઈ મહેશ્વરી સહિત સમાજના અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કન્યાઓને ટીવી, ફ્રીજ, સહિતની અનેક ચીજવસ્તુઓનું કન્યાદાન કરવામાં આવ્યુ હતુ.

તલોદ આર્ટસ અને કોમર્સ અને વાવ કોલેજની ક્રિકેટ મેચ રમાઈ હતી. જેમાં ૨૫ ઓવરમાં ૨૪૩ બનાવ્યા હતા, અને ૮ વિકેટ વિજય થયો હતો. જેમાં રાહુલ પરમારે ૧૫ બોલમાં ૩૨ રન બનાવ્યા હતા. અને ૧૧ રન ૫ વિકેટ અંસારીએ લીધી હતી. જ્યારે ૩૨ બોલમાં ૪૬ રન બનાવી શુન્ય રનમાં ૨ વિકેટ ગોપાલ પરમારે લીધી હતી. અને ૧૬ બોલમાં ૪૦ રન વાવ કોલેજ ૧૨ ઓવરમાં ૩૩ રન બનાવી ઓલઆઉટ કરવામાં આવી હતી. આમ તલોદ કોલેજ ૨૧૦ રને વિજયી થઈ હતી. આ મેચમાં રાહુલ પરમાર મેન ઓફ ધ મેચ બન્યા હતા. સમગ્ર આ મેચનું સંચાલન સ્પોટ પ્રોફેસર રંગુસિંહ સોલંકીએ કર્યુ હતુ. સમગ્ર ટીમને તલોદ કોલેજ સંચાલક મંડળે અભિનંદન પાઠવ્યા હતા.

કંપની સમાચાર

આદિત્ય બિરલા સન લાઈફ મ્યુચ્યુઅલ ફંડે ગુજરાતમાં બે શાખા શરૂ કરી

આદિત્ય બિરલા કેપિટલ લિમિટેડ (અગાઉ આદિત્ય બિરલા ફાઈનાન્સિયલ સર્વિસીસ લિ. નામથી ઓળખાતી)ની પેટા કંપની આદિત્ય બિરલા સન લાઈફ એએમસી લિમિટેડ (અગાઉ બિરલા સન લાઈફ એસેટ મેનેજમેન્ટ કંપની લિ. તરીકે ઓળખાતી) અને આદિત્ય બિરલા સન લાઈફ એએમસી લિમિટેડ ('એબીએસએલએમએફ')ના ઈન્વેસ્ટમેન્ટ મેનેજરે ગુજરાતમાં સુરેન્દ્રનગર અને હિંમતનગર ખાતે બે ફુલ-સર્વિસ શાખાઓ શરૂ કરવાની જાહેરાત કરી હતી. સુરેન્દ્રનગરની શાખા ૧૪૫, મેગા મોલ, મિલન સિનેમા નજીક, સ્ટેશન માર્ગ, સુરેન્દ્રનગર - ૩૬૩૦૦૨ ખાતે જ્યારે હિંમતનગરની શાખા ૧ કુમાર હાઉસ, દુર્ગા બજાર, રેલવે ક્રોસિંગ નજીક, હિંમતનગર - ૩૯૩૦૦૧ ખાતે સ્થિત છે. નવી શાખાઓ સુરેન્દ્રનગર અને હિંમતનગરમાં મ્યુચ્યુઅલ ફંડના પ્રસારમાં મહત્વની ભૂમિકા ભજવશે. આ બંને શહેરો ગુજરાતમાં સૌથી ઝડપથી વિકસતા કેન્દ્રો છે. ગુજરાતમાં નાણાકીય રોકાણ વધારવા રોકાણકારોને મદદરૂપ થવા માટે આ શાખાઓ ગુજરાતમાં એબીએસએલએમએફની વૃદ્ધિમાં સક્રિય યોગદાન આપશે.

આ લોન્ચિંગ અંગે વાત કરતાં આદિત્ય બિરલા સન લાઈફ એએમસી લિમિટેડના સીઈઓ એ. બાલાસુબ્રમણ્યને જણાવ્યું હતું કે, 'ગુજરાતમાં અમારી હાજરી મજબૂત બનાવતા અમને આનંદ થાય છે. મ્યુચ્યુઅલ ફંડ ઉદ્યોગમાં ગુજરાત યોગદાન આપનાર એક મહત્વનું રાજ્ય છે. સુરેન્દ્રનગર અને હિંમતનગર તેમજ લિંબડી, હળવદ, ધ્રાંગધ્રા, ઈડર, મોડાસા, વિજાપુર, પ્રાંતિજ અને તલોદમાંથી મ્યુચ્યુઅલ ફંડ્સમાં રીટેલ રોકાણકારોનો રસ સ્થિરતાપૂર્વક વધી રહ્યો છે. અમને ખાતરી છે કે બે નવી શાખાઓ સ્વરૂપે અમારી હાજરીથી આ બજારોમાં સંભાવનાઓનો અમે લાભ મેળવી શકીશું અને અમારી વૃદ્ધિની વ્યૂહરચના સાથે ગુજરાતમાં અમારી હાજરીને વિસ્તારી શકીશું.'

રિટ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ સમગ્ર મામલામાં પોલીસ પણ નિષ્પક્ષ કાર્યવાહી કરવાના બદલે રાજકીય દબાણ હેઠળ સરકારના ઈશારે ભેદભાવભરી અને પક્ષપાતી કાર્યવાહી કરી રહી છે. અરજદારપક્ષ તરફથી હાઈકોર્ટે તેઓને વણિકર ભવનનો કબ્જો પુનઃ અપાવવા દાદ માંગવામાં આવી હતી. કેસની રજૂઆત ધ્યાને લીધા બાદ હાઈકોર્ટે સરકાર સહિતના સંબંધિત પક્ષકારોને નોટિસ જારી કરી કેસની વધુ સુનાવણી બે સપ્તાહ બાદ રાખી હતી. ઉલ્લેખનીય છે કે, તાજેતરમાં જ પાલડીના વણિકર ભવનના કબ્જાને લઈ વીએચપી-એએચપીના કાર્યકરો સામ સામે આવી ગયા હતા અને એક તબક્કે બંને સંસ્થાના કાર્યકરો અને આગેવાનો વચ્ચે ઝપાઝપી થતાં વાતાવરણ ગરમાયું હતું. વણિકર ભવનના કબ્જાને લઈ વીએચપી અને એએચપીના કાર્યકરો અને આગેવાનો પોતપોતાના દાવા કર્યા હતા. અંતે આજે એએચપી તરફથી હાઈકોર્ટમાં પિટિશન દાખલ કરી દેવાઈ હતી.

મેટ્રો દોડશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અંદર ત્રણ મેટ્રો સ્ટેશનોનું નિર્માણ કરવાની યોજના હતી પરંતુ હવે છ કિલોમીટરના માર્ગને ઘટાડી દેવામાં આવ્યો છે. સુધારેલા ડીપીઆર પ્રમાણે ગાંધીનગર મેટ્રો રેલમાં બે કોરિડોર હશે - પ્રથમ ૨૨.૮૪ કિલોમીટરની લંબાઈ મોટેરા ને મહાત્મા મંદિર સાથે જોડશે અને બીજી જીએનએલયુ (ગુ. ને. લો યુનિવર્સિટી) થી પ.૪૨ કિલોમીટર લાંબી શાખા પીડીપીયુ અને ગીફ્ટ સિટીને જોડશે.

બીજા તબક્કાનો ખર્ચ કિંમત વધતાં હવે ૬૭૬૯ કરોડ થશે. પ્રોજેક્ટમાં વિલંબના કારણે કિંમતમાં આ વધારો થયો છે. જાપાન ઈન્ટરનેશનલ કોઓપરેશન એજન્સી પાસેથી બીજા તબક્કા માટે ૩૪૦૦ કરોડની લોન માગવામાં આવી છે. આ તબક્કે જમીન અને પુનર્વસનની કિંમત ૧૯૪ કરોડ આંકવામાં આવી છે. યોજના ચાર વર્ષમાં પૂર્ણ થવાની ધારણા રાખવામાં આવી છે.

હાલ અમદાવાદ મેટ્રો પ્રોજેક્ટના પ્રથમ તબક્કાનું નિર્માણ ૧૦,૭૭૩ કરોડની કિંમતે થઈ રહ્યું છે, જે ૨૦૨૧ સુધીમાં પૂર્ણ થશે. બીજો તબક્કો પૂર્ણ કરવામાં ૨૦૨૩નો સમય નિશ્ચિત કરવામાં આવ્યો છે એટલે કે ગાંધીનગરને હજી મેટ્રો રેલ માટે ૨૦૨૩ સુધીની રાહ જોવાની રહેશે.

સંસદમાં રજૂ

● અનુસંધાન પહેલાનું ચાલુ

રાફેલ ડિલમાં કૌભાંડ અને ગેરરીતિના કોંગ્રેસના આક્ષેપો વચ્ચે કેગે પોતાનો અહેવાલ રાષ્ટ્રપતિને મોકલ્યો હતો. કેગે રાફેલ ઉપર ૧૨ ચેપ્ટરમાં રિપોર્ટ તૈયાર કર્યો છે. મિડિયા રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, જુદા જુદા અહેવાલો પણ આમા રજૂ કરવામાં આવ્યા છે. કેગે પોતાના રિપોર્ટની એક કોપી રાષ્ટ્રપતિને અને બીજી કોપી નાણામંત્રાલયને મોકલી દીધી છે. એમ માનવામાં આવે છે કે, કેગે રાફેલ ઉપર ૧૨ ચેપ્ટરને લઈને આવરી લઈને વિસ્તૃત અહેવાલ તૈયાર કર્યો છે. થોડાક સપ્તાહ પહેલા જ સંરક્ષણ મંત્રાલય દ્વારા રાફેલ ઉપર વિસ્તૃત જવાબ અને સંબંધિત રિપોર્ટ કેગને સોંપવામાં આવ્યો હતો જેમાં ખરીદી પ્રક્રિયાની વિગત અને ૩૬ વિમાનોની કિંમતોની પણ માહિતી આપવામાં આવી છે. કેગનો આ રિપોર્ટ ખુબ વિસ્તૃત છે જેને પ્રોટોકોલ હેઠળ સૌથી પહેલા રાષ્ટ્રપતિ પાસે મોકલવામાં આવ્યો છે.

ભીષણ આગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

બ્રિગેડની ટુકડી પહોંચી ગઈ હતી. કલાકો સુધી આગ ઉપર કાબૂ મેળવવાની કામગીરી ચાલી હતી. ભારે જહેમત બાદ આગ ઉપર કાબૂ મેળવી શકાયો હતો. મધ્ય દિલ્હીના કારોલબાગ સ્થિત હોટેલમાં આ આગ લાગી હતી. ફાયર સર્વિસના જવાનો અને પોલીસ ટુકડી બચાવ અને રાહત કામગીરીમાં તરત વ્યસ્ત બની હતી. કલાકો સુધી ચાલેલા બચાવ ઓપરેશન વેળવા ૫૦થી પણ વધારે લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા. જે લોકોને બહાર કાઢવામાં આવ્યા હતા તે લોકો પૈકી ૩૨ને સલામત રીતે બચાવી લેવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં દાજી ગયેલી હાલતમાં લોકોને ખસેડી લેવામાં આવ્યા બાદ ૧૫ના મોત થયા હતા. આગ લાગવા માટેનુ કારણ હજુ સુધી જાણી શકાયુ નથી.

ભારે વિવાદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને અલ્હાબાદમાં ધાંધલ ધમાલ થઈ હતી. સપાના ધારાસભ્યો અને કાર્યકરોએ રાજભવન ઉપર ધરણા કર્યા હતા. અખિલેશના ટ્વિટ બાદ સપાના કાર્યકરો એરપોર્ટ ઉપર પહોંચી ગયા હતા અને હોબાળો મચાવ્યો હતો. સ્થિતિ વણસી ગયા બાદ મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કહ્યું હતું કે, પ્રયાગરાજમાં કોઈપણ પ્રકારની અરાજકતા ન ફેલાય તે હેતુસર અખિલેશને રોકવામાં આવ્યા હતા. અખિલેશને રોકવામાં આવતા અલ્હાબાદ યુનિવર્સિટીમાં તંગદિલી ફેલાઈ ગઈ હતી. વિદ્યાર્થી નેતાઓ વચ્ચે તંગદિલી વધતા પોલીસ ટુકડી તૈનાત કરવામાં આવી હતી. અખિલેશે ટ્વિટ કરીને કહ્યું હતું કે, એક વિદ્યાર્થી નેતાના શપથ ગ્રહણ કાર્યક્રમથી સરકાર ગભરાઈ ગઈ છે. અખિલેશને આ કાર્યક્રમ માટે આમંત્રણ આપવામાં આવ્યું હતું. અખિલેશે કહ્યું હતું કે તેમને લખનો વિમાની મથકે પકડી લેવાયા હતા. તેમને જવાની મંજુરી મળી ન હતી. ટ્વિટર હેન્ડલથી પણ અખિલેશે ઘણા ટ્વિટ કર્યા હતા. અખિલેશને અલ્હાબાદ જતા રોકવામાં આવ્યા બાદ રાજ્યસભાના સાંસદ રામગોપાલ યાદવે હોબાળો મચાવ્યો હતો અને આના માટે યોગીને જવાબદાર ઠેરવ્યા હતા. ત

બેસાડી રખાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભુલ કરી ન હતી. અજાણતે આ તમામ બાબત થઈ હતી. આના પર ચીફ જસ્ટિસે કહ્યું હતું કે, આરોપીને બચાવી લેવાના પ્રયાસ થઈ રહ્યા છે. કેકે વેણુગોપાલની દલીલ પર ચીફ જસ્ટિસે નારાજગી વ્યક્ત કરી હતી અને કહ્યું હતું કે, રાવને સુપ્રીમ કોર્ટના જુના આદેશ અંગે માહિતી હતી. આજ કારણસર મામલાને લઈને તેમની પાસે માહિતી આવી હતી. એકે શર્માની બદલી કરતા પહેલા સુપ્રીમ કોર્ટમાં એફિડેવિટ દાખલ કરીને મંજુરી માંગવાની જરૂર હતી પરંતુ આવી મંજુરી માંગવામાં આવી ન હતી. એટર્ની જનરલે આના જવાબમાં કહ્યું હતું કે, રાવે ભુલ સ્વીકારી લીધી છે અને માફી માંગી લીધી છે. આના ઉપર સીજેઆઈએ કહ્યું હતું કે, સંતુષ્ટ થયા વિના અને કોર્ટને પુછ્યા વગર અધિકારીના રિલિવ ઓર્ડર પર હસ્તાક્ષર કરવાની બાબત તિરસ્કાર સમાન છે. સુનાવણી વેળા સીજેઆઈએ કહ્યું હતું કે, નાગેશ્વર રાવે આરકેશર્માને તપાસથ દૂર કરવાનો નિર્ણય લીધા બાદ સુપ્રીમ કોર્ટને જાણ કરવાના પ્રયાસ પણ કર્યા ન હતા.

ખબરે અનોખી...

ડોક્ટરની જીદના કારણે થયુ ૧ વર્ષની બાળકીનું મૃત્યુ

બુંદેલખંડ મેડિકલ કોલેજમાં એક વર્ષની બાળકીએ માત્ર એ કારણે પોતાનો જીવ ગુમાવ્યો કારણ કે ડૉક્ટરની જીદ અને બેદરકારીના કારણે તેને સમયસર સારવાર ન મળી શકી. ગંભીર રીતે દાઝી ગયેલી બાળકીની સારવાર માટે ડૉક્ટર તો પહોંચી પરંતુ તે ડૉક્ટર ભડકી ગઈ અને બોલી બાળકીને વેન્ટીલેટરની જરૂર છે. પહેલા ૧ કરોડ રૂપિયાનુ વેન્ટીલેટર લઈ આવો પછી સારવાર શરૂ થશે. ડૉક્ટરના આ જવાબથી પરિવારજન શાંત થઈ ગયા અને સારવારમાં મોડુ થતા ૨૪ કલાકમાં જ બાળકીએ પોતાનો જીવ ગુમાવ્યો.

આઈપીએલમાં હવે પિંક જર્સીમાં જોવા મળશે રાજસ્થાન રોયલ્સ

આઈપીએલની પૂર્વ ચેમ્પિયન ટીમ રાજસ્થાન રોયલ્સ આ સીઝનમાં નવા રંગમાં જોવા મળશે. ગત સીઝનમાં પ્રશંસકોની મળેલી શાનદાર પ્રતિક્રિયા બાદ ટીમ ફ્રેન્ચાઈઝી પોતાની ઓળખને પીંક એટલે ગુલાબી કલર આપી દિધો છે. જેનો રાજસ્થાન સાથે ગાઢ સંબંધ છે. આથી હવે રાજસ્થાનની ટીમ આ ગુલાબી પીંક જર્સીમાં જોવા મળશે.

હવે વાઈફાઈથી મોબાઈલ ચાર્જ થઈ શકશે

કલ્પના કરો માત્ર એક વાઈફાઈ સાથે જોડવાથી તમારો ફોન ચાર્જ થઈ જાય તો યુએસની મેસેચ્યુસેટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના સંશોધકો સાથે મળીને સ્પેનિશ એન્જિનીયર ટોમસ પેલેસિયસે આ ભવિષ્યના સપના જેવી ટેકનોલોજી વિકસાવી છે. આ એક નાનુ ડિવાઈસ છે જે વાઈફાઈના ઈલેક્ટ્રોમેગ્નેટિક તરંગોને સીધા ઈલેક્ટ્રીસીટી પાવરમાં રૂપાંતરીત કરે છે. તેનાથી સ્માર્ટ ફોન ચાર્જ થશે.

પ્રિયંકા ગાંધી માટે જીવ આપવા પણ તૈયાર છે કોંગ્રેસની આ આર્મી

આજે પ્રિયંકા ગાંધી લખનઉમાં મેગા રોડ શૉ કરી રહ્યા છે. શહેરના તમામ રસ્તાઓ પોસ્ટરથી ભરાઈ ગયા છે. બીજી તરફ કોંગ્રેસના ૫૦૦ કાર્યકરોએ પાર્ટીમાં નવા પ્રાણ ફુંકવા માટે એક અલગ આર્મી તૈયાર કરી છે. આ આર્મીના તમામ સભ્યો ગુલાબી વસ્ત્રોમાં સજ્જ છે. આર્મીના ટીમના ટી-શર્ટ પર એક સ્લોગન પણ લખવામાં આવ્યુ છે. એવા સમાચાર પણ મળ્યા છે ૫૦૦ લોકોએ પ્રિયંકા ગાંધીના આખા કાર્યક્રમની જવાબદારી લીધી છે. આ આર્મી પોતાને પ્રિયંકા આર્મી તરીકે ઓળખાવે છે.

આગામી દાયકો પૃથ્વી માટે સૌથી ગરમ રહેશે

વૈજ્ઞાનિકોનું માનવું છે કે ૨૦૧૪થી ૨૦૨૩ સુધીનો સમયગાળો ૧૫૦ વર્ષમાં સૌથી વધુ ગરમ સાબિત થઈ શકે છે. તેમજ પૃથ્વીના તાપમાનને લઈને પણ અનુમાન લગાવતા વૈજ્ઞાનિકો જણાવે છે કે આગામી પાંચ વર્ષ માટે પૃથ્વીની સપાટીનું વૈશ્વિક તાપમાન ઔદ્યોગિકકરણથી પહેલાના તાપમાન સ્તરથી એક ડિગ્રી સેલ્સિયસ ઉંચુ રહી શકે છે. બ્રિટનના હવામાન વિભાગ દ્વારા ભેગા કરવામાં આવેલા આંકડાના આધારે આ અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

એર ઈન્ડિયાની ફ્લાઈટમાં હવાનુ દબાણ ઘટતા યાત્રીઓના નાકમાંથી લોહી નિકળ્યુ

મસ્કટથી કાલીકટ જઈ રહેલી એર ઈન્ડિયાના વિમાનમાં દબાણથી સમસ્યા ઉભી થતા વિમાનમાં સવાર ચાર મુસાફરોના નાકમાંથી લોહી નીકળવાની ઘટના સામે આવી છે. આ ઘટના મસ્કટ હવાઈ મથક પર જ થવા પામી હતી.

વેરાવળના ડારી ગામમાં ૫ સિંહોએ હુમલો કરતા ૭૦ ઘેટા બકરાના મોત

વેરાવળના ડારી ગામે ૫ સિંહ દ્વારા આંતક મચાવવામાં આવ્યો હતો. જેમાં સિંહોએ ૭૦ જેટલા ઘેંટા બકરાને નિશાન બનાવી હુમલો કર્યો હતો. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ખળભળાટ મચી ગયો છે. ધીરૂભાઈ સોલંકીની વાડીમાં આ હુમલો સિંહોએ કર્યો હતો.

વડાવળમાં વીજ કરંટથી ઘાયલ રાષ્ટ્રીય પક્ષી મોરને બચાવાયો

બનાસકાંઠાના ડીસા તાલુકાના વડાવળ ગામમાં ગતરોજ સાંજના સુમારે રાષ્ટ્રીય પક્ષી મોર ખેતરમાં વિહરી રહ્યો હતો તેવા સમયે અચાનક કૂતરાઓએ મોરનો પીછો કરતા મોર કૂતરાથી બચવા ઊડવા ગયો હતો.જે વખતે વીજવાયરને સ્પર્શી ગયેલા મોરને કરંટ લાગતા ગંભીર ઈજાઓ થઈ હતી. આ ઘટનાની જાણ થતાં વડાવળના સેવાભાવી યુવાનો ઘાયલ મોરને ભારે જહેમત બાદ પકડી પાડી નજીકમાં આવેલ કનૈયા કોલ્ડ સ્ટોરોજ પર લઈ ગયા હતા.બાદમાં આ બનાવની જીવદયાપ્રેમી ભરતભાઈ કોઠારીને જાણ કરાતાં તેઓએ તાત્કાલિક પીપલ ફોર એનિમલ્સની એમ્બ્યુલન્સ ઘટના સ્થળે મોકલી આપી ઘાયલ મોરને વધુ સારવાર અર્થે પાંજરાપોળમાં ખસેડાવ્યો હતો.વડાવળના સેવાભાવી યુવાનોની ભારે જહેમત અને સતર્કતાથી મોરને સમયસર સારવાર મળી જતાં રાષ્ટ્રીય પક્ષીને જીવતદાન મળી ગયું હતું.

પ્રાંતિજ બાર એસોસિશન અને સિવીલ ક્રિમીનલ બાર એસોસિએશન દ્વારા આવેદનપત્ર આપ્યું

પ્રાંતિજ, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ બાર એસોસીએશન અને સીવીલ એન્ડ ક્રિમીનલ બાર એસોસીએશન વકીલો દ્વારા તેમની વિવિધ માંગણીઓને લઈને પ્રાંતિજ તાલુકા સેવાસદન ખાતે જઈ પ્રાંન્ત કચેરી તથા પ્રાંતિજ મામલતદારને આવેદનપત્ર આપ્યું.

પ્રાંતિજ ખાતે બાર કાઉન્સી